# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૨૨ તા.૮-૬-૧૫**

**ફકત મ્યુનિ. શાળાઓ માટે :-**

**વિષય : બી.પી.એલ.કાર્ડધારક વાલીની કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ તે પૈકી ધો.૮ પાસ કરેલ હોય તેવી કન્યાઓની માહિતી મોકલવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષયે જણાવવાનું કે વર્ષ ૨૦૦૭-૦૮ માં ધો.૧માં પ્રવેશ મેળવેલ બી.પી.એલ.કાર્ડધારક વાલીની કન્યાઓને સરદાર સરોવર નિગમ લિ.ના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ, તે પૈકી જે કન્યાઓએ ધો.૮ પાસ કરેલ હોય તે ખરાઈ કરી નીચે મુજબ પત્રકમાં માહિતી દિન-૫માં વેલ્ફેર વિભાગમાં મોકલી આપશો.

| ક્રમ | શાળા | ધો.૮ પાસ કરેલ વિદ્યાર્થીનીનું નામ | FDR નં.(વિદ્યાલક્ષ્મી બોન્ડ નંબર) | તારીખ |
|---|---|---|---|---|
| | | | | |

**આવશ્યક સૂચનાઓ :**

૧. અધવચ્ચે અભ્યાસ છોડી જનાર કન્યાને વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાનો લાભ મળશે નહીં.

૨. અભ્યાસકાળ દરમ્યાન કન્યાનું અવસાન થયેલ હોય તેવા કિસ્સામાં બોન્ડની મુદત પુરી થયે મળવાપાત્ર રકમ કન્યાના વાલીને ચૂકવવાની હોઈ વારસદાર અંગેના પુરાવા રજૂ કરવા.

૩. કન્યાના નામની ખરાઈ કરીને જ નામ મોકલવું.

તા.૮-૬-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**પરિપત્ર નં.૨૩ તા. ૮-૬-૧૫**

**ફકત મ્યુનિ. શાળાઓ માટે :-**

**વિષયઃ- વર્ષ : ૨૦૧૫માં ધો.૧માં પ્રવેશ મેળવેલ બી.પી.એલ. કાર્ડધારક વાલીની કન્યાઓને વિદ્યાલક્ષ્મીબોન્ડ આપવા બાબત.**

**સંદર્ભ :- પ્રા. શિ.નિયામકશ્રીની કચેરીનાં પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૧૫/૧૬૩૩-૧૭૨૨ તા.૧૮-૫-૧૫**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે ઉપરોકત વિષયના અનુસંધાને તમારી શાળામાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધો.૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીની કે જે બી.પી.એલ. કાર્ડ ધારક વાલીની કન્યા હોય તે જ કન્યાઓ રૂા.૨,૦૦૦/- ના વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવવાને પાત્ર થાય છે. તે મુજબ તમારી શાળાઓની વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવવા પાત્ર કન્યાઓની નીચે જણાવ્યા મુજબના પત્રકમાં માહિતી તૈયાર કરી સુપરવાઈઝરશ્રી પાસે ખરાઈ કરી તાત્કાલિક તા.૧૨-૬-૨૦૧૫ સુધીમાં રૂબરૂ મોકલી આપશો. જેથી કન્યા કેળવણી પ્રવેશોત્સવ-૨૦૧૫ દરમ્યાન વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાનો લાભ આપી શકાય, તેમજ સદરહુ કન્યા કઈ કેટેગરીની છે તે પણ દર્શાવવાની રહેશે.

પત્રક

શાળાનું નામઃ- ઝોન :- વોર્ડ :-

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વાલીનું નામ | સરનામું | બી.પી.એલ. કાર્ડ નંબર | એસ.સી/એસ.ટી./ઓ.બી.સી./લઘુમતિ/અન્ય |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

મુખ્ય શિક્ષક સુપરવાઈઝર

તા.૮-૬-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી